**DATE: 18/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# બોરભાઠા ગામેથી મોબાઈલ ચોર ઝડપાયો

અંકલેશ્વર | અંકલેશ્વર નવા બોરભાઠા ગામ ખાતે પટેલ ફળીયા માં રહેતા મૂળ સાગબારા ના ગૌતમ રાઠવા એ ગત 18 જૂન ના રોજ ધાબા પર સુતા હતા ત્યારે પોતાના બે મોબાઈલ ઓશિકા નીચે મૂકી સુઈ ગયો હતો. દરમિયાન કોઈ ચોર ઈસમ તેને ચોરી કરી ફરાર થઇ ગયો હતો પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે મહેન્દ્ર નગર -2 ગડખોલ ખાતે રહેતા રવિન્દરસિંગ ઉર્ફે ગુરખો સુરેન્દરસિંગ સિંગ એ મોબાઈલ ચોરી કર્યા હોવાનું અને વેચવા ની ફિરાક માં હોવાની વિગતો મળતા પોલીસે તેને ગડખોલ થી ઝડપી પાડ્યો હતો.

**DATE: 18/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પોલીસે 36 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# મુલદ ટોલ પ્લાઝા નજીકથી દારૂની હેરાફેરી કરતા 2 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર નેશનલ હાઈવે નંબર 48 પર પેટ્રોલિંગ માં હતા તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે દારૂ ના જથ્થા સાથે માંડવા ટોલ પ્લાઝા પાસે 2 ઈસમો વડોદરા જવા માટે ગાડી ની રાહ જોઈ રહ્યા છે. જે આધારે એલસીબી ટીમે બને શંકાસ્પદ ઈસમ ને ઝડપી પાડ્યા હતા તેમની પાસે રહેલા થેલા માં તપાસ કરતા અનાર થી ઈંગ્લીશ દારૂની નાની મોટી 45 બોટલ મળી આવી હતી પોલીસે અલગ અલગ બ્રાન્ડની 45 બોટલ કિંમત રૂપિયા 28.500 તેમજ 2 મોબાઈલ મળી 36.500 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ વાપી ચલા ગામ ખાતે રહેતા પીનલ ભગુભાઈ પટેલ અને શરૂઆત કર્મયોગી સોસાયટી પડિસરા ખાતે રહેતા શિવાકાન્ત ઉર્ફે શીવા શંભુનાથ પાલ ની ધરપકડ કરી હતી. તેમની પૂછપરછ માં રાજ વાઈન સોપ દમણ માંથી એક ઈસમે ઈંગ્લીશ દારૂ આપ્યો હતો જે જથ્થો વડોદરા ખાતે આર્યન નામ ના ઈસમ ને મોબાઈલ કરી પહોંચાડવાની કબૂલાત કરી હતી જે આધારે એલસીબી પોલીસે બંને ઈસમ ને શહેર પોલીસ ના હવાલે કરી વધુ તપાસ આરંભી હતી.

**DATE: 18/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# અંકલેશ્વરમાં આકડાનો જુગાર રમતા એક ઝડપાયો

અંકલેશ્વર | સર્વેલન્સ ટીમ એ બાલા ની ચાલ માં દરોડા પાડ્યા હતા. જ્યાં શિવ દર્શન સોસાયટી ખાતે રહેતા વિશાલ વસાવા મોબાઈલ પર વોટ્સએપ એપ્સ પર આંક ફરક નો જુગાર રમાડતા પોલીસે ઝડપી પાડ્યો હતો તેની પાસેથી પોલીસે મોબાઈલ કબજે લઈ સર્ચ કરતા અંદર લોકો આંક ફરક ના નંબર લખી રૂપિયા લખ્યા હોવાનું સામે આવ્યું હતું.પોલીસે વિશાલે નવા દીવા ખાતે રહેતા દીપક ઉર્ફે રાહુલ વસાવા અને નવીનગરી ખાતે રહેતા અક્ષય ખ્રિસ્તી સાથે મળી આંક ફરક નો જુગાર રમાડતો હતો જે આધારે પોલીસે દીપક ઉર્ફે રાહુલ વસાવા અને અક્ષય ખ્રિસ્તી ને વોન્ટેડ જાહેર કર્યા હતા તેમજ મોબાઈલ મળી કુલ 60.440 રૂપિયાનો મુદામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 18/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

ભાસ્કર વિશેષ | પ્રતિન ચોકડી પાસે પડેલા ખાડાઓને પોલીસ અને BTETના જવાનોએ પૂર્યા

# અંકલેશ્વરમાં પોલીસે નિભાવી પાલિકા કર્મીઓની ફરજ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

માર્ગ અને મકાન વિભાગ જ્યાં ગાબડાં પુરાવા હજુ આળસ મરડી રહી છે ત્યારે પોલીસ જાતે ગાબડાં પૂરતા હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. અંકલેશ્વર પ્રતિન ચોકડી પર ટ્રાફિક પોલીસને બી.ટી.ઈ.ટી ના જવાનો રોડ ના ખાડા પુરતા જોવા મળ્યા હતા. વાહન ચાલકો ને પડતી અગવડતા દૂર કરવાનો પ્રયાસ સામે આવ્યો હતો.

અંકલેશ્વર ના માર્ગો પર રોડ ઓછો અને ખાડા વધુ હોવા ના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ત્યાં માર્ગ પર પડેલા ખાડા ને લઈ અનેક વાહનચાલકો અગવડતા વેઠી રહ્યા છે આ વચ્ચે અંકલેશ્વર પ્રતિન ચોકડી પર પોલીસ ચોકી નજીક ટર્નીંગ પર જ પડેલા ગાબડાને લઈ વાહન ચાલકો પટકાઈ રહ્યા હતા તેમજ અકસ્માત થવાની ભીતિ ઊભી થઇ હતી. જે ત્યાં ફરજ બજાવતા ટ્રાફિક પોલીસ અને બી.ટી.ઈ.ટી ના જવાનો આવતા તેઓ દ્વારા બ્લોક તેમજ રોરા એકત્ર કરી ખાડો પૂરો કર્યો હતો જો કે તેમની આ કામગીરી નજીક ના લોકો એ કેમેરા માં કંડારી વાયરલ કરી હતી અને પોલીસ માત્ર રક્ષક જ નહિ પણ સમય આવતા માર્ગ પર પડેલા ખાડા પણ પુરી શકે છે. ટ્રાફિક પોલીસ અને બી.ટી.ઈ.ટી. ના જવાનો આ સરાહનીય કામગીરી ને લોકો વધાવી હતી.



**DATE: 18/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### દારૂની બોટલો, 6 કાર સહિત 31 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત

# બાકરોલમાં દારૂના કટિંગ વેળા LCBના દરોડા, બૂટલેગર ફરાર

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાંચે બાકરોલની કામધેનુ એસેટમાં દારૂના જથ્થાના કટિંગ વેળા દરોડો પાડયો હતો. પોલીસને જોઇ બુટલેગર અને તેના સાગરિતો ફરાર થઇ ગયાં હતાં પણ સ્થળ ઉપરથી વાહનો અને દારૂ મળી કુલ 31 લાખ રૂપિયા ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

ભરૂચ એલસીબી PSI એમ.એચ. વાઢેર અને જે.એન.ભરવાડને બાકરોલના કામધેનુ એસેટમાં દારૂના જથ્થાનું કટિંગ થવાનું હોવાની બાતમી મળી હતી. પોલીસની ટીમે દરોડા પાડતાં બુટલેગર સહીત વાહન માં દારૂ લેવા આવેલ ઈસમો ફરાર થઇ ગયા હતા. પોલીસે સ્થળ પર રહેલા ટ્રક તપાસ કરતા અંદરથી દારૂનો વિપુલ જથ્થો મળી આવ્યો હતો. પોલીસને દારૂની 223 પેટી અને બિયરના 7,198 ટીન મળી આવ્યાં હતાં.



11.23 લાખ રૂપિયા નો દારૂ તેમજ 20.40 લાખ રૂપિયા ની કિંમતના 6 વાહનો મળીને કુલ 31 લાખ રૂપિયા ઉપરાંતનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. આ દારૂનો જથ્થો અંકલેશ્વરના રમઝાન ઈદ્રીશ શેખ અને જીજ્ઞેશ પરીખનો હોવાનું બહાર આવ્યું છે. હાલ તો પોલીસે બંને બુટલેગરો તથા તમામ છ વાહનોના ડ્રાયવરો અને માલિકોને વોન્ટેડ જાહેર કર્યા છે.

**DATE: 19/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

એસઓજીની ટીમે રાત્રે 2થી 4 વાગ્યામાં ઓપરેશન પાર પાડ્યું, પિસ્તોલ, બે જીવતા કારતૂસ, એક છરો-રામપુરી જપ્ત

# નિવૃત્ત પોલીસકર્મીના પુત્ર સહિત 2 પિસ્તોલ સાથે ઝબ્બે

[illegible]



[illegible]

## બે વર્ષ પહેલાં અમદાવાદથી પિસ્તોલ લાવ્યાની આરોપીઓની કબૂલાત

[illegible]

# સગીરાને ભગાડી જનાર પેટલાદથી ઝડપાઈ ગયો

અંકલેશ્વર | અંકલેશ્વર શહેર વિસ્તાર માં દોઢ મહિના પૂર્વે રાહુલ બાબુ રાઠોડ નામનો યુવાન સગીરાને લગ્ન કરવાની લાલચ આપી ભગાડી ગયો હતો. જે અંગે તેના પરિવારજનો એ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ અંગે શહેર પોલીસે તપાસ શરુ કરી હ્યુમન ઈન્ટેલિજન્સ તેમજ ટેક્નિકલ સર્વેલન્સ શરુ કર્યું હતું. દરમિયાન રાહુલ રાઠોડને પેટલાદ ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો છે. આરોપીની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**DATE: 19/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# નવાદીવામાં આંકડાનો જુગાર રમતાં 4 ઝબ્બે

અંકલેશ્વર | નવાદીવા ગામે શામજી ફળીયામાં આંકડાનો સટ્ટા બેટિંગ નો જુગાર ચાલી રહ્યો છે. જે માહિતી આધારે એલસીબીએ નવાદીવા ગામે શામજી ફળીયા ખાતે ચાલતા જુગાર સ્થળ ઉપર દરોડા પાડ્યા હતા. જેમાં આંક ફરકના આંકડાનો સટ્ટા બેટિંગ જુગાર ચલાવનાર મહિલા શબાના સુલતાન મકબુલ શેખ, હસુ વસાવા, વિજય વસાવા અને સંજય વસાવાની સ્થળ પર થી ધરપકડ કરી હતી. એલ સી બી એ સ્થળ પરથી સટ્ટા બેટિંગ આંક ફરકાના આંકડાનો જુગાર અંગે ના સાહિત્ય તથા સાધનો તેમજ જુગારના રોકડા રૂપિયા સાથે 17,525 નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

**DATE: 19/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાં 80 હજારની ચોરીમાં 5 તસ્કરો ઝડપાયા

અંકલેશ્વર | અંકલેશ્વરની મુંદ્રા ડેનિમ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં ચોરીનો બનાવ બન્યો હતો. બનાવ અંગે જીઆઈડીસી પોલીસ મથક ની ટીમ તે તપાસ શરુ કરતા માહિતી આધારે અંકલેશ્વર સોનમ સોસાયટી ખાતે રહેતા મોહિત ઉર્ફે બિહારી રાજેશ પાલ, સોહિત રાજેશ પાલ,મૌર્ય રેસિડન્સીમાં રહેતા પ્રફુલ બીરબલ પાલ, દીપક ઉર્ફે દાદુ અનિલ પાટીલ,અને શાંતિ નગર ખાતે રહેતા આર.બી.એલ દીપ્તેષ ઉર્ફે દીપુ અશોક પટેલ ની માહિતી આધારે જીઆઈડીસી માંથી ઝડપી પાડ્યા હતા. અને તેમની પૂછપરછ શરુ કરી હતી .

**DATE: 20/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# માંડવા ટોલપ્લાઝા નજીકથી બસમાંથી બે ખેપિયા ઝબ્બે

અંકલેશ્વર | ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર પાસેના નેશનલ હાઈવે પર પેટ્રોલિંગ માં હતા તે દરમિયાન માંડવા ટોલ પ્લાઝા પાસે વોચ ગોઠવી હતી દરમિયાન ખાનગી બસ આવતા રોકી અંદર બે શખ્સો ની તલાસી લેતા ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો પોલીસે ભાવનગર ના યુવરાજસિંહ પ્રવિણસિંહ વાઘેલા અને બલભદ્રસિંહ નટુભા ગોહિલ ની અટકાયત કરી રૂપિયા 49 હજાર 215 નો ઈંગ્લીશ દારૂનો જથ્થો કબ્જે કરી તેઓ વિરુદ્ધ શહેર પોલીસ મથક માં ફરિયાદ નોંધાવી હતી શહેર પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ ધરી છે.

**DATE: 20/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

## પોલીસે 2.48 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

# ભરૂચLCBએ દારૂના કટિંગ કેસમા ધંતૂરીયાનો એક ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ગુજરાત રાજ્યમાં દારૂબંધી હોવા છતાં દરેક જિલ્લામાં પોલીસ દ્વારા લાખો રૂપિયાનો દારૂ અવાર-નવાર પકડાય છે.ત્યારે ગત રોજ ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. ત્યારે માહિતી મળી હતી કે, અંકલેશ્વર તાલુકાના માટીયેડ ગામના બુટલેગરે ગેરકાયદેસરનો ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો મંગાવ્યો છે અને અંકલેશ્વર તાલુકાના જુના પંતુરીયા ગામની સીમમાં ટાવર વગામા કટીંગ કરી દારૂનો જથ્થો સગેવગે કરવાની તૈયારીમાં છે.જેથી પોલીસે માહિતીવાળા સ્થળ ઉપર રેડ કરતાં સ્થળ ઉપર કટિંગ થતો વિદેશી દારૂ પકડી પાડ્યો હતો. એલ.સી.બી ટીમ મારુતિ સ્વીફ્ટ ડીઝાયર ફોરવ્હીલ કારમાં ભરેલો ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ તથા બિયર ટીન નંગ- 446 તથા ફોર વ્હીલર કાર મળી કુલ કિંમત રૂ.2,48,200 નો મુદ્દામાલ ઝડપી પાડી એક આરોપી ચિંતન અકન ભાઈ વસાવા,રહે,માટીએડ ને ઝડપી પાડ્યો હતો.જ્યારે સુનિલ હસમુખ વસાવા રહે, કોંઢ ને પોલીસે વોન્ટેડ જાહેર કરીને અંકલેશ્વર રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 20/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# ભરૂચમાં આંકડાનો જુગાર રમાડતો શખ્સ ઝબ્બે

ભરૂચ | ભરૂચના મોટા નાગોરીવાડ ઝૂપડપટ્ટીમાં એક શખ્સ જુગાર રમાડતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી કાલુ વસાવા ડાયરી પેન લઈને આંકડો લખતાં ઝડપી પાડ્યો હતો. ટીમે તેની ડાયરી તપાસતાં તેમાં વિવિધ આંકડા લખેલાં મળી આવ્યાં હતાં. પોલીસે તેની પાસેથી રોકડા 1500 સહિત 2 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પ્રાથમિક પુછપરછમાં તે મુખ્ત્યાર ઉર્ફે મોબાઈલ માટે આંકડો લખે છે. અને મહમદફારૂક ઈબ્રાહમ મન્સુરી આંકડા લખાવતો હોવાનું કબુલ્યું હતું.

**DATE: 21/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

# અંકલેશ્વરની કંપનીમાં ચોરીના ગુનામાં 5 ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં આવેલી મુદ્રા ડેનિમ કંપનીને ગત તા.૧૯મી જુલાઈના રોજ તસ્કરોએ નિશાન બનાવી હતી. તસ્કરોએ બાજુની શ્રીનાથ કંપની દીવાલ કૂદી કંપનીમાં પ્રવેશ કર્યો હતો અને એસ.એસની પાઈપ મળી કુલ ૮૦ હજારના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. દરમિયાન પોલીસે સંજય મુકેશ ભરવાડ, મેહુલ ભરવાડ, બચુ ભરવાડ અને મોન્ટુ પાસવાન તેમજ જગદીશ ભરવાડને ઝડપી પાડ્યા હતા.

**DATE: 21/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અંક્લેશ્વરના દંપતી વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા

# પતિના ત્રાસથી કંટાળેલી મહિલાની મદદે અભયમ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર માં પતિ દ્વારા આપતા શારીરિક માનસિક ત્રાસ થી કંટાળી મહિલા અભયમ ની મદદ માંગી હતી. 181 ની રેસ્ક્યુ વાને સ્થળ ઉપર પહોંચીને મહિલા સાથે વાતચીત કરતા તે પતિ સાથે રહેવા ન માંગતા સખી વન સ્ટોપ સેન્ટર માં મુકવામાં આવી હતી. બાળકોનું ભણતર માટે ઘરમાં અનાજ કરિયાણાની દુકાન પતિ દ્વારા શારીરિક માનસિક ત્રાસ આપતો હતો હતો. અગાવ આપઘાત કરવાનો પણ પ્રયાસ કર્યો હતો.

અંકલેશ્વર શહેરમાં રહેતા મહિલા પોતાના બાળકોનું ભણતર અને આર્થિક ગુજરાન ચલાવવા માટે પોતાના ઘરમાં જ અનાજ કરિયાણાની દુકાન ચલાવે છે. મહિલા તેના પતિ પાસે ઘર ચલાવવા માટે રૂપિયાની માંગણી કરતી ત્યારે તે તેની સાથે ઝઘડો કરતો અને તેને અપશબ્દો બોલી ને માર મારતો હતો.એટલું જ નહીં તેનો સ્વભાવ શંકાશીલ હોવાના કારણે મહિલાને શારીરિક અને માનસિક ત્રાસ પણ આપતો હતો. જેના કારણે આ મહિલા અનેક વખત આત્મહત્યા કરવાનો પણ પ્રયાસ કર્યો હતો.પરંતુ બાળકો નો ખ્યાલ આવતા માંડી વાળ્યું હતું.પરંતુ મહિલાના પતિ નો ત્રાસ ખુબ જ વધી જતા મહિલા ભાંગી પડી હતી. પતિના ત્રાસથી મહિલા એટલી હદે ત્રાસી ગઈ હતી કે,તેણે 181 અભયમ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરીને મદદ માંગી હતી.181 ની રેસ્ક્યુ વાને સ્થળ ઉપર પહોંચીને મહિલા સાથે વાતચીત કરતા તે પતિ સાથે રહેવા ન માંગતા 181 ની ટીમ મહિલા ભરૂચમાં કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટર માં મુકવામાં આવી હતી.

**DATE: 22/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# ભરૂચમાં કોઈપણ વ્યક્તિ તેમના મોબાઈલ મારફતે સીધી પોલીસ ફરિયાદ કરી શકશે

## **આગામી** ૨૩મી જુલાઈએ દેશના ગૃહપ્રધાન અમિત શાહ દ્વારા એપ અને પોર્ટલનું લોકાર્પણ કરાશે

ભરૂચ: હવે ગુજરાત પોલીસ ડિજિટલાઈઝેશન તરફ આગળ વધી રહી છે. કેટલીક સામાન્ય બાબતો માટે પણ નાગરિકોને પોલીસ સ્ટેશનના ધરમ ધક્કા ખાવા ન પડે તે માટે ગુજરાત પોલીસ એક અનોખી પહેલ કરવા જઈ રહી છે. પોલીસે એક એપ તૈયાર કરી રહી છે. જેના દ્વારા નાગરિકો ઘરેબેઠા પોતાની સમસ્યા પોલીસને વર્ણવી શકશે. પ્રાથમિક તબક્કે વાહન અને મોબાઈલ ચોરીની ફરિયાદ આ એપ દ્વારા સ્વીકારવામાં આવશે. જે બાદ સેવાઓમાં વધારો થઇ શકે છે. આગામી તા.૨૩ જુલાઈએ દેશના ગૃહપ્રધાન અમિત શાહ આ એપનું લોકાર્પણ કરશે. જે બાબતે ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા




ગુજરાત પોલીસની ઓનલાઇન સેવાઓમાં મહત્ત્વપૂર્ણ ઉમેરો થવા જઈ રહ્યો છે.

ઘણી વખત ગુનાહિત તત્ત્વોનો શિકાર બનવા છતાં સામાન્ય નાગરિકો પોલીસ ફરિયાદ કરવાનું ટાળે છે. કામકાજ છોડી ફરિયાદ કરવા માટે પોલીસ સ્ટેશન જવું એક આમ આદમી ઘણીવાર નકારતા હોય છે. કેટલાક કિસ્સાઓમાં ગુનાખોરી ઘટાડવામાં પણ ક્યાંક પોલીસકર્મીઓનું વર્તન યોગ્ય ન રહેવાની ફરિયાદો ઊઠતી હોય છે. જેને કારણે સામાન્ય માણસ ગુનાનો ભોગ બનવા છતાં ચૂપચાપ બેસી રહેવાનું પસંદ કરતો હોય છે. પ્રજાના મૌનના કારણે ગુનાહિત તત્ત્વોને મોકળું મેદાન મળી જાય છે. આ પરિસ્થિતિને ટાળવા પોલીસે હવે ગુજ્જુ લોકો પોતાની ફરિયાદ ઘરે બેઠા પોલીસને કરી શકે એવી વ્યવસ્થા કરી રહી છે.

ભરૂચ પોલીસ અધિક્ષક ડો.લીના પાટીલે ટ્વીટ દ્વારા જણાવ્યું હતું કે, આ ઓનલાઈન સેવાના મહત્ત્વપૂર્ણ કાર્યમાં ગુજરાત પોલીસની સિટિઝન ફર્સ્ટ મોબાઈલ એપ અથવા સિટિઝન પોર્ટલનો ઉપયોગ કરી પોલીસ સ્ટેશને ગયા વગર ઘરેબેઠા ચોરાયેલા વાહન અથવા મોબાઈલની ફરિયાદ કરી શકશે.

**DATE: 22/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# અંકલેશ્વરની રાજપીપળા ચોકડી પાસે કારમાંથી શંકાસ્પદ હથિયારો સાથે બે ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર પોલીસે રાજપીપળા ચોકડી પાસે ભરૂચ તરફ જવાના સર્વિસ રોડ ઉપરથી ઇકો કારમાંથી શંકાસ્પદ હથિયારો સાથે બે ઇસમને ઝડપી પાડ્યા હતા. અંકલેશ્વર શહેર પોલીસમથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. એ દરમિયાન બાતમી મળી હતી કે, રાજપીપળા ચોકડી પાસે ભરૂચ તરફ જવાના સર્વિસ રોડ ઇકો કાર નં.(જી.જે.૦૫.આર.એ.૦૩૯૮) માં બે ઈસમ શંકાસ્પદ હાલતમાં ફરી રહ્યા છે. જેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. દરમિયાન રાજપીપળા ચોકડી પાસે ભરૂચ તરફ જવાના સર્વિસ રોડ બાતમીવાળી કાર આવતાં પોલીસે તેને અટકાવી તેમાં તપાસ કરતાં તેમાંથી લોખંડની હથોડી, ગિલોલ, પાઈપ અને સળિયા અને પાનું તેમજ પાંચ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. પોલીસે કારમાં સવાર સુરતના પુણાગામના ભૈયાનગર સ્થિત દીપાંજલિ સોસાયટીમાં રહેતા યોગેશ રામસજીવન જયશ્વાલ અને રવિ મહેશ જીલેકરને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 22/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# અંકલેશ્વરની કંપનીનો કલરનો જથ્થો ચોરી કરવાના મામલે વધુ બે આરોપીની અટકાયત

અંકલેશ્વર: અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં આવેલી એશિયન પેઇન્ટ્સ કંપનીમાંથી વેસ્ટ બંગાળ લઈ જવાતા કલરનો માલ જથ્થો સગેવગે કરવાનો મામલો પોલીસે વધુ બે આરોપીને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. અંકલેશ્વરની એશિયન પેઇન્ટ્સ કંપનીમાંથી પશ્ચિમ બંગાળના હુગલી ખાતે ટ્રક( નંબર-જી.જે.૦૬ ઝેડ.ઝેડ.૨૮૭૦)માં ભરી ટ્રક ચાલક પ્રભાત હીરા ઠાકોર કલર માલ ૧૭૯૦ નંગ બોક્સ રૂપિયા ૪૩ લાખથી વધુનો મુદ્દામાલ લઇ જવા રવાનો થયો હતો. જે બાદ ટ્રકનું જી.પીએસ.ચેક કરતા તે બંધ હોવા સાથે ચાલકનો ફોન પણ બંધ આવ્યો હતો અને આ ટ્રક વડોદરાની ડુમાડ ચોકડી નજીકથી ખાલી હાલતમાં મળી આવી અને તેમાં રહેલ તમામ કલરનો જથ્થો સગેવગે થયો હોવાનું ધ્યાન પર આવતાં ડેલ્હીવેરી ફ્રેઈટ સર્વિસીસ કંપનીમાં લોસ એન્ડ પ્રિવીયેન્સન ડિપાર્ટમેન્ટમાં સિનિયર સિક્યુરિટી મેનેજર મહેન્દ્ર રમણલાલ પરમારે હરેન્દ્રસિંહ પરમાર અને ટ્રક ચાલક પ્રભાત હીરા ઠાકોર વિરુદ્ધ જી.આઈ.ડી.સી. પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અગાઉ ચાર આરોપીની ધરપકડ કરી હતી. જે બાદ ગુરુવારે મુંબઇ ઇસ્ટના કાંદિવલી સિંગે ચાલ હનુમાનનગર રોડ ઉપર રહેતા દિલીપ સોહનલાલ પ્રજાપતિ અને અશોકકુમાર સોનાજી રાનાજી ચૌધરીને મુંબઇ ખાતેથી ઝડપી પાડી કલરનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 22/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# અંકલેશ્વરમાં દારૂના જથ્થા સાથે મહિલા સહિત બે બુટલેગર ઝડપાયાં

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર પોલીસે બે અલગ અલગ સ્થળોએથી વિદેશી દારૂના જથ્થા સાથે મહિલા સહિત બે બુટલેગરને ઝડપી પાડ્યા હતા. અંકલેશ્વરના દીવા રોડ ઉપર આવેલ માં હેરિટેઝ સોસાયટીમાં રહેતો બુટલેગર પ્રીતેશ હર્ષદ અડોલવાલા પોતાના ઘરે વિદેશી દારૂનું વેચાણ કરે છે, એવી બાતમીના આધારે શહેર પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની ૮ નંગ બોટલ મળી કુલ ૩ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરી બુટલેગર પ્રિતેશ અડોલવાલાને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી હતી. જ્યારે આવી જ રીતે પોલીસે માંડવા ગામના બોરડી વગામાં રહેતી મહિલા બુટલેગર દેવી જીવણ વસાવાના ઘરે દરોડા પાડી ત્યાંથી વિદેશી દારૂના જથ્થા સાથે મહિલાને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 22/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKR PAGE–04**

### 13 હજાર રોકડા સહિત 80 હજારનો મુદ્દામાલ જપ્ત

# જિલ્લામાં બે સ્થળે જુગાર રમતાં 7 ઝડપાયા, 4 ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં બે સ્થળે જુગારની મહેફિલ પર પોલીસે દરોડો પાડ્યો હતો. જેમાં ભરૂચના બામણિયા ઓવારે તેમજ જંબુસરમાં ઉબેર ગામે પોલીસે રેડ પડી કુલ 7 જુગારિયાઓને ઝડપી પાડ્યાં હતાં.
ભરૂચના નર્મદા નદીના બામણિયા ઓવારે પતરાના છાપરા નીચે જામેલી જુગારની મહેફિલ પર બી ડિવિઝન પોલીસે દરોડો પાડી જુગાર રમતાં જાકીર હૂસેન ગુલામ મહંમદ શેખ, સઇદખાન ઉર્ફે વિહોરી દિવાલરખાન પઠાણને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે ઉવેશ નાગોરી તેમજ ઈશાક કંડક્ટર ત્યાંથી નાસી છુટ્યાં હતાં. પોલીસે તેમની પાસેથી રોકડા 2800 તેમજ બે મોબાઈલ તેમજ બે મોપેડ મળી 61 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.
બીજા બનાવમાં વેડચ પોલીસે ઉબેર ગામે સરકારી દવાખાનાની પાછળ જાહેરમાં જુગાર રમતાં અમરસંગ બેચર પઢિયાર, ધર્મેશ ધુળા સોલંકી, રણજીત ફુલા પઢિયાર તેમજ વિક્રમસિંહ પ્રવિણસિંહ રણા ઝડપાઈ ગયાં હતાં. જ્યારે અરવિંદ ઈશ્વર વસાવા તેમજ ચિમન દોલા પાટણવાડિયા નાસી છુટ્યાં હતાં. પોલીસે 10 હજાર સહિત 18 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 24/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKR PAGE–04**

ભાસ્કર વિશેષ | ઓનલાઇન ફરિયાદના 48 કલાકમાં જ પોલીસ સંપર્ક કરશે, E-FIRનું લોચિંગ

# વાહન કે મોબાઇલ ચોરીમાં ઘરબેઠા ફરિયાદ થઇ શકશે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

કેન્દ્રીય ગૃહમંત્રીના હસ્તે ગુજરાત પોલીસની e-FIR સિસ્ટમનો પ્રારંભ કરવામાં આવ્યો છે.જેમાં હવે, લોકોને વાહન ચોરી કે મોબાઇલ ચોરી જેવા કિસ્સામાં પોલીસ સ્ટેશનના ધક્કા ખાવા નહીં પડે. તેઓ e-FIR એપ પર જાતે જ તેમની ઓનલાઇન ફરિયાદ નોંધાવી શકશે. શનિવારે પોલીસ હેડક્વાર્ટર્સ ખાતે આવેલાં ડિસ્ટ્રીક્ટ ટ્રેનિંગ સેન્ટર ખાતે e-FIR એપના લોન્ચિંગ લાઇવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત પોલીસ કર્મીઓને પણ e-FIRની પ્રણાલીને લઇને સમજણ આપવામાં આવી હતી.

ગાંધીનગર ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે સીએમ તેમજ ગૃહ રાજ્યમંત્રીની ઉપસ્થિતિમાં e-FIR સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. વાહન ચોરી તેમજ મોબાઇલ ચોરી જેવા કિસ્સામાં અનેકવાર લોકોને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા માટે ધક્કાઓ ખાવાનો વારો આવે છે. જેમાં પણ એક જ ધક્કે તેમનું કામ થતું નથી. જેના પગલે લોકોને મુશ્કેલી પડવા સાથે પોલીસ-પ્રજા વચ્ચેના વ્યવહારમાં નકારાત્મકતા આવી જતી હોય છે. ત્યારે હવે e-FIR સેવાના પ્રારંભથી લોકો હવે ઘરે બેઠા જ ઓનલાઇન પોતાની વાહન-મોબાઇલ ચોરીની ફરિયાદ નોંધાવી શકશે. ફરિયાદ નોંધાયાના 48 કલાકમાં જે તે પોલીસ સ્ટેશનના પીઆઇ ફરિયાદીનો સંપર્ક કરી કાર્યવાહી કરશે.

ફરિયાદી દ્વારા જે તે પોલીસ સ્ટેશનની હદની જાણકારીના આધારે પોલીસ સ્ટેશનમાં ઓનલાઇન ફરિયાદ નોંધાવી હશે તો કાર્યવાહી તુરંત થશે. અન્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હોય તો તે ફરિયાદ જે તે પોલીસ સ્ટેશનને ફોરવર્ડ કરવામાં આવશે અને બાદમાં કાર્યવાહી શરૂ થશે.



## અવેરનેસ માટેના તમામ પ્રયાસ કર્યા છે

ભરૂચ જિલ્લામાં અલગ અલગ સ્થળે 82 જેટલાં હોર્ડિંગ લગાવવામાં આવ્યાં છે. જેમાં e-FIR અંગે અવેરનેસ સહિત તેની કાર્યપ્રણાલીનો ચિતાર લોકોને મળી શકે. ઉપરાંત રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ, મોટા બજારો સહિત ભીડભાડવાળી જગ્યાઓમાં 85 હજારથી વધુ પેમ્પલેટ વિતરણ કરાયાં છે. જ્યારે જિલ્લામાં 23મી વધુ અવેરનેસ ઝુંબેશ કરવામાં આવશે. ડૉ. લીના પાટીલ, એસપી, ભરૂચ.

**DATE: 24/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKR PAGE–03**

અંકલેશ્વરના રૂરલ પોલીસ મથક ખાતે જવાનોને માર્ગ દર્શન અપાયું

# e-FIRની તપાસ કરી પોલીસ 21 દિવસ બાદ કોર્ટમાં રિપોર્ટ કરશે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



ઈ એફઆઈઆર થી મોબાઈલ અને વાહન ચોરીમાં હવે સામાન્ય નાગરિકો એ પોલીસ સ્ટેશનના ધક્કા ખાવા પડે નહીં. કારણ કે ગુજરાત સરકારે ઓનલાઈન સેવાઓમાં વધુ એક સેવાનો ઉમેરો કરીને e-FIR સેવાનો પ્રારંભ કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. હવે રાજ્યના નાગરિકોને વાહન ચોરી અથવા મોબાઈલ ફોન ચોરીની ફરિયાદ નોંધાવા માટે પોલીસ સ્ટેશન જવાની જરૂર નથી અંકલેશ્વર તાલુકા પોલીસ મથક ખાતે ઈ એફઆઈઆર લોન્ચિંગ લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું.

અંકલેશ્વર રૂરલ પોલીસ મથક ખાતે ડીવાયએસપી ચિરાગ દેસાઈ ,રૂરલ પોલીસ મથક ના પી આઈ વી કે ભૂતિયા ,અને જીઆઈડીસી પી,આઈ આર એન કરમટીયા સહીત પોલીસ કર્મચારીઓ એ ઈ એફઆઈઆર લોન્ચિંગ નું લાઈવ પ્રસારણ નિહાળી ને શરૂઆત કરાય હતી. પ્રજા ને e-FIR ઓનલાઈન થકી અંકલેશ્વર ના નાગરિકો ઘરે બેઠા ઓનલાઈન ફરિયાદ નોંધાવી શકશે. એફઆઈઆર નોંધાયાના 48 કલાકમાં પોલીસ ફરિયાદીનો સામેથી સંપર્ક કરશે અને વાહન ચોરી/મોબાઈલ ફોન ચોરીના બનાવની જગ્યાની મુલાકાત લેશે. 21 દિવસની અંદર જ તપાસ પૂર્ણ કરી કોર્ટમાં રિપોર્ટ મોકલશે. આ ઓનલાઈન ફરિયાદ નોંધાયા અંગેની તથા તપાસમાં થયેલ પ્રગતિની જાણ પણ ફરીયાદીને ઈ મેઈલ અથવા તો એસએમએસ થી કરવામાં આવશે. સાથો-સાથ પોલીસ દ્વારા વીમા કંપનીને પણ ઈ મેઈલ અથવા તો એસએમએસ દ્વારા જાણ કરાશે, જેથી ફરિયાદીને તેનો વીમા ક્લેઈમ સરળતાથી મેળવવામાં મદદરૂપ થશે. આ રીતે ઈ એફઆઈઆર ઓનલાઈન સેવા થકી નાગરિકોને પોલીસ સ્ટેશન જઈ ફરિયાદ નોંધાવવાની જરૂર નહીં રહે

**DATE: 24/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKR PAGE–01**

# અંકલેશ્વરમાંથી વાહન ચોર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ LCBની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં રાત્રી પેટ્રોલીંગમાં ફરતી હતી.તે સમયે એક એક્ટીવા ચાલકને રોકીને તેની પાસે આર.ટી.ઓ રજીસ્ટ્રેશન અંગેના દસ્તાવેજો તેમજ આધાર પુરાવા માગ્યા હતા. પરંતુ તે આપી શક્યો ન હતો. પોલીસે તપાસ કરતા આ એકટીવા ભરૂચ શહેર ખાતેથી ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. ચોરીની એકટીવા સાથે મળી આવેલ ઈસમની અટકાયત કરી હતી. LCBની ટીમે પકડેલો મોપેડ ચોર મુકેશ વસાવા રહેવાસી- ફાટા તળાવ, વૈરાગીયાડ, ભરૂચનો અગાઉ પણ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તે અગાઉ ભરૂચ શહેરમાં વાહન તેમજ ઘરફોડ ચોરી ના ઘણા ગુનામાં પકડાયેલા છે.જ્યારે ભરૂચ શહેર એ ડીવી.પો.સ્ટેશન તેમજ ભરૂચ શહેર બી ડિવિઝન પો.સ્ટેશનમાં હીસ્ટ્રીશીટર આરોપી તરીકે તેનું નામ નોંધાયેલ છે .

**DATE: 24/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKR PAGE–01**

### ભરૂચની ABC ચોકડીથી નર્મદા ચોકડી વચ્ચે ટીમે વોચ ગોઠવી હતી

# કારના બોનેટમાં સંતાડી 6 કિલો ગાંજાની હેરાફેરી કરતા શખ્સને SOGએ દબોચ્યો

### ગાંજો, કાર, મોબાઈલ સહિત 1.65 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એસઓજીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, એક અમદાવાદ પાસિંગની કારમાં ગાંજાનો વિપુલ જથ્થો ભરી એક શખ્સ અંકલેશ્વર તરફથી વડોદરા તરફ જવાનો છે. જેના પગલે ટીમે એબીસી ચોકડીથી નર્મદા ચોકડી જવાના માર્ગ પર અવસર એપાર્ટમેન્ટ પાસે પોતના વાહનો ઉભા રાખી વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બાતમી મુજબની કાર આવતાં ટીમે તેને રોકી ડ્રાઈવરની પુછપરછ કરતાં તેનું નામ હાર્દિક બકુલ ભાટક (રહે. સહજાનંદ કોમ્પલેક્ષ, તુલસીધામ પાસે) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેની કારમાં તપાસ કરતાં સીટ પર કે તેની નીચે તેમજ ડેકીમાં કાંઇ મળ્યું હતું. દરમિયાનમાં ટીમે કારનું બોનેટ ઓપન કરી તપાસ કરતાં હાર્દિકે કારના બોનેટમાં સેલોટેપની મદદથી ગાંજાના 3 પેકેટ ચોટાડ્યાં હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તે કાઢી તેનું વજન કરતાં કુલ 59,300 રૂપિયાની મત્તાનો 5.930 કિલો ગાંજો હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે ગાંજો, કાર તેમજ ઝડપાયેલાં હાર્દિક બકુલ ભાટકનો મોબાઈલ જપ્ત કરી તેના વિરૂદ્ધમાં ભરૂચ સી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



ભરૂચમાં ગાંજા સાથે ઝડપાયેલો આરોપીની પોલીસ પૂછપરછ કરી રહી છે.

## સુરત પાસેથી ગાંજો લાવ્યાની કબૂલાત

*આરોપી હાર્દિક બકુલ ભાટક પાસેથી 60 હજારનો ગાંજો મળી આવતાં ટીમે તેની પુછપરછ કરી હતી. જેમાં તેણે જણાવ્યું હતું કે, તેણે સુરતના અશ્વિનીકુમાર રેલવે સ્ટેશનના પાટા પાસે એક અજાણ્યો શખ્સ જેને તે ઓળખે છે તેની પાસેથી લીધો હતો. ઉપરાંત તે જુનાગઢ ખાતે નાગાબાવાને આપવા જઈ રહ્યો હોવાનું તેણે કબુલ્યું હતું.* **વી. બી. કોઠિયા,** ઇન્સ્પેક્ટર, એસઓજી.